સુવિચાર

પૈસા ન હોય ત્યારે ખર્ચામાં અને જ્ઞાન ન હોય ત્યારે ચર્ચામાં મર્યાદા રાખવી બહૂ જરૂરી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



વિરપુરમાં લોખંડના બેરલમાં છુપાવેલો રૂ.૯ લાખનો વિદેશી દારૂ પકડાયોઃ બુટલેગર ફરાર P-4

Year-16, Issue-237 ■ DATE : 20-01-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## અપમાનજનક ભાષા કોઇ જાતિ એકટ અંતર્ગત અપરાધ નથીઃ સુપ્રિમ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે માત્ર અપમાનજનક ભાષાનો ઉપયોગ અનુસૂચિત જાતિ-જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ અંતર્ગત અપરાધ નથી, જ્યાં સુધી તેનો ઉપયોગ કોઈની જાતિના આધાર પર અપમાનિત કરવાના ઇરાદાથી ન કરવામાં આવ્યો હોય.

અદાલતે કહ્યું હતું કે વ્યક્તિની જાતિની જાણકારી હોવા પર પણ, ખાસ ઈરાદા વિના માત્ર અપમાન કરવું, આ કાયદા અંતર્ગત દંડનીય નથી. જસ્ટિસ જે.બી. પારદીવાલા અને આલોક અરાધેની બેન્ચે ગત સપ્તાહ પસાર કરેલ ફેંસલામાં એક વ્યક્તિની વિરુધ્ધ આ અધિનિયમની વિભિન્ન જોગવાઇઓ અંતર્ગત આપરાધિક કાર્યવાહી કરતા આ ટિપ્પણી કરી હતી.

બેન્ચે અપીલ કરનાર કેશવ મહત્તા તરફથી પટણા હાઇકોર્ટના ફેસલા સામે દાખલ અરજીમાં નિકાલ કરતાં કહ્યું હતું કે હાલના મામલામાં ટ્રાયલ કોર્ટ અને હાઇકોર્ટ બન્નેએ એસસી-એસટી એક્ટ અંતર્ગત કાર્યવાહીને ચાલુ રાખવામાં ભૂલ કરી છે. એમ પણ કહ્યું કે ના તો નોંધાયેલી એફઆઈઆરમાં અને ના તો આરોપપત્રમાં જાતિ આધારિત અપમાન છે. ધમકીના કોઇ પણ કૃત્યનો આરોપ લગાવાયો અને સુપ્રિમ કોર્ટે આ અધિનિયમોની ધારા-૩(૧)ના સંબંધિત જોગવાઈઓને રિપિટ કરી જે અપરાધો અને અત્યાચારો માટે સજા નક્કી કરે છે.

આ કાયદા અંતર્ગત જે કોઇપણ અનુસૂચિત જાતિ કે જનજાતિનો સભ્ય ન હોવા છતાં જાણી જોઇને કોઇ અનુસૂચિત જાતિ કે જનજાતિના સભ્યને જાહેર સ્થળ પર અપમાનિત કરે છે કે ડરાવે છે, કોઇ જાહેર સ્થળ પર જાતિના નામે ગાળ દે છે, તો તે દંડનીય અપરાધ છે.

## ગત નાણાંકિય વર્ષમાં ચૂંટણીમાં ભાજપે ૩૩૩૫.૩૬ કરોડ ખર્ચ્યા

### કોંગ્રેસે રૂા. ૮૯૦ કરોડનું આંધણ કર્યુંઃ ભાજપે વર્ષ દરમ્યાન રૂા.૬૭૬૯.૧૪ કરોડ તો કોંગ્રેસે ૯૧૮.૨૮ કરોડની આવક મેળવી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપે ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં ૩,૩૩૫.૩૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા જે કોંગ્રેસ દ્વારા ખર્ચવામાં આવેલા ૮૯૬.૨૨ કરોડ રૂપિયા કરતા ૩.૭૫ ગણા વધારે છે એમ ભગવા પક્ષના ઓડિટ રિપોર્ટના વિશ્લેષણમાં બહાર આવ્યું છે.

૨૦૨૪-૨૫ની લોકસભા અને આઠ રાજ્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ દરમિયાન, ભાજપે રૂા.૬,૭૬૯.૧૪ કરોડની આવક મેળવી હતી, જેમાં રૂા.૬,૧૨૪.૮૫ કરોડના દાનનો સમાવેશ થાય છે, જ્યારે રૂા.૩,૭૭૪.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સરપ્લસ રૂા.૨,૯૯૪.૫૬ કરોડ હતું.તેની સરખામણીમાં, ૨૦૨૪-૨૫માં કોંગ્રેસની આવક રૂા.૯૧૮.૨૮ કરોડ હતી, જ્યારે તેનો કુલ ખર્ચ રૂા.૧,૧૧૧.૯૪ કરોડ હતો.

ચૂંટણી પંચને સુપરત કરાયેલા ઓડિટ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ભાજપની આવક ૨૦૨૩-૨૪માં રૂા.૪,૩૪૦.૪૭ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂા.૨,૨૧૧.૬૯ કરોડ થઈ ગઈ છે.


ભાજપે ચૂંટણી પર રૂા.૩,૩૩૫.૩૬ કરોડ ખર્ચ્યા હતા, જેમાંથી રૂા.૮૯૭.૪૨ કરોડ જાહેરાતો પર ખર્ચ્યા હતા. નેતાઓ માટે હેલિકોપ્ટર અને અન્ય વાહનો પર રૂા.૫૮૩.૦૮ કરોડ ખર્ચ્યા હતા, જ્યારે ઉમેદવારોને નાણાકીય સહાય તરીકે રૂા.૩૧૨.૯૦ કરોડ આપવામાં આવ્યા હતા.


ભાજપે તેના કર્મચારીઓ પર રૂા.૭૪.૩૪ કરોડ ખર્ચ્યા હતા, જેમાં રૂા.૬૯.૦૭ કરોડ પગાર અને રૂા.૫.૨૭ કરોડ કર્મચારી કલ્યાણ યોજનાઓ માટેનો સમાવેશ થાય છે. ભાજપનું પગાર બિલ રૂા.૬૯.૧૧ કરોડથી ઘટીને રૂા.૭૪.૩૪ કરોડ થયું છે.

જ્યારે તેણે ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા.૨.૨૬ લાખના વપરાયેલા અખબારો વેચ્યા હતા, ત્યારે તેણે તે જ સમયગાળા દરમિયાન રૂા.૫૦.૨૯ લાખના અખબારો ખરીદ્યા હતા.

ડિસેમ્બરમાં તેના ઓડિટ રિપોર્ટમાં, ઝણ એ જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસનું દાન ૬૪૬.૩૯ કરોડ રૂપિયાથી ઘટીને ૧૮૪.૦૮ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો કુલ ખર્ચ ૨૨૭.૫૯ કરોડ રૂપિયા હતો, જેમાંથી ચૂંટણી ખર્ચ ૧૩૭.૫૮ કરોડ રૂપિયા હતો.

YSR કોંગ્રેસનું દાન ૧૮૪.૧૧ કરોડ રૂપિયાથી ઘટીને ૧૪૦.૦૫ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો ચૂંટણી ખર્ચ ૨૯૯.૯૨ કરોડ રૂપિયા થયો છે, જેમાં સ્ટાર પ્રચારકો પર ખર્ચવામાં આવેલા ૨.૧૪ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. TDPનું દાન ૨૭૪.૬૫ કરોડ રૂપિયાથી ઘટીને ૮૫.૨૦ કરોડ રૂપિયા થયું છે, જ્યારે ના રિપોર્ટમાં ૨૪૫.૫ કરોડ રૂપિયાથી ૬૦ કરોડ રૂપિયાનો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે.




## ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીતિન નબીનની નિયુક્તિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય જનતા પાર્ટીમાં આજે 'નવીન' યુગનો વિધિવત પ્રારંભ થયો છે. બિહારમાં પાંચ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા નીતિન નબીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. ૪૫ વર્ષીય નીતિન નબીન ભાજપના અત્યાર સુધીના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ છે. આ ઉપરાંત તેઓ બિહારના પહેલા નેતા અને પહેલા કાયસ્થ નેતા પણ છે, જે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. ઉંમરની વાત કરીએ તો અગાઉ આ રૅકોર્ડ અમિત શાહ (૪૯ વર્ષ) અને નીતિન ગડકરી (૫૨ વર્ષ)ના નામે હતો.

દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય મથકે આયોજિત એક સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં નીતિન નબીને આ હોદ્દો સ્વીકાર્યો હતો. આ સમારંભમાં પૂર્વ અધ્યક્ષ જે.પી. નડ્ડા, નીતિન ગડકરી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને કેન્દ્રીય મંત્રીઓ એસ. જયશંકર તથા હરદીપ સિંહ પુરી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આજે સવારે ૧૧૩૦ વાગ્યે આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંચ પર પહોંચ્યા હતા, જ્યાં તેમણે નવનિયુક્ત અધ્યક્ષ નીતિન નબીનને શુભેચ્છા પાઠવી હતી.



આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા કહ્યું કે, નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન છે. ત્રીજી વખત વડાપ્રધાન બન્યા. ૫૦ વર્ષની નાની વયે મુખ્યમંત્રી બની ગયા. ૨૫ વર્ષથી સતત સરકારમાં ટોચના હોદ્દે છે. આ બધું તો ઠીક છે પણ સૌથી મોટી વાત તો એ છે કે હું ભાજપનો કાર્યકર છું. આ મારા માટે ગર્વની વાત છે. નીતિન ખુદ એક રીતે મિલેનિયલ છે. તે એ પેઢીના છે, જેણે ભારતમાં અનેક પરિવર્તન જોયા છે. તેમણે હવે ભાજપના અધ્યક્ષ તરીકેનું પદ સંભાળી લીધું છે. તે પાર્ટીના ૧૨મા અધ્યક્ષ બન્યા છે. નીતિન નબીન હવે મારા બોસ છે અને હું તેમનો કાર્યકર્તા. તેમની જવાબદારી હવે ભાજપને સંભાળવાની જ નહીં પણ એનડીએના તમામ સાથીઓ વચ્ચે તાલમેલ બેસાડવાની પણ છે.

ભાજપના રાષ્ટ્રીય ચૂંટણી અધિકારી ડૉ. કે. લક્ષ્મણે જાહેરાત કરી હતી કે અધ્યક્ષ પદ માટે માત્ર નિતિન નવીનનું જ નામાંકન પ્રાપ્ત થયું હતું, જેના કારણે તેમની બિનહરીફ વરણી થઈ છે. તેમની તરફેણમાં કુલ ૩૭ સેટ નામાંકન પત્રો દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર ભારતના ભાજપ સંગઠનોએ તેમને એકસાથે ટેકો આપ્યો છે.

## સોના-ચાંદીમાં તેજી યથાવતઃ ચાંદી ૩.૧૯ લાખને આંબી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોના-ચાંદીમાં વિશ્વસ્તરે સર્જાયેલું તેજીનું તાંડવ સતત ચાલુ જ રહ્યું છે અને રોજેરોજ ભાવ નવી નવી સર્વોચ્ચ સપાટીને આંબી રહ્યા છે. આજે પણ બંને ધાતુમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. પરંતુ ચાંદીમાં ૬૦૦૦ તથા સોનામાં ૧૧૦૦ રૂપિયા વધી ગયા હતા. સોનાનો ભાવ દોઢ લાખને પાર થઇ ગયો હતો.

રાજકોટમાં આજે હાજર સોનુ દોઢ લાખનું લેવલ ક્રોસ કરીને ૧,૫૦,૭૦૦ થયું હતું. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૧૧૦૦ રૂપિયા વધીને ૧,૪૬,૭૫૦ થયો હતો. વિશ્વ બજારમાં ૪૭૦૦ ડોલરના માર્ગે ધસમસતુ હોય તેમ ૪૬૯૦ ડોલર થઈને ૪૬૮૦ ડોલર સાંપડયું હતું.

રાજકોટમાં હાજર ચાંદી ૩,૧૭,૨૦૦ થઇ હતી. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૩,૧૯,૯૦૦ થઇને ૩,૧૬,૪૯૦ સાંપડયો હતો. વિશ્વબજારમાં ભાવ ૯૪.૭૧ ડોલર થઇને ૯૩.૫૭ ડોલર સાંપડયો હતો.

સોના-ચાંદીની એકધારી તેજીથી માર્કેટમાં સોંપો પડી ગયો છે અને કારોબારમાં મોટો ઘટાડો છે. રાજકોટના જ એક જવેલરીએ કહ્યું કે છેલ્લા કેટલાક દિવસો દરમ્યાન મુખ્યત્વે ચાંદીમાં જ અસામાન્ય તેજી થઇ હતી અને અનેક વેપારીઓ તેજીમાં ફસાઇ જતા કારોબાર લગભગ ઠપ્પ જેવો થઇ ગયો હતો. હવે સોનામાં તેજીની ચાબુક લાગી હોય તેમ દોઢ લાખની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવાઇ ગઇ છે અને વધુ જોરથી ઉછાળો આવે તેવા એંધાણ વર્તાવા લાગ્યા છે. આ સંજોગોમાં આવતા દિવસોમાં સોનાના કારોબારને પણ અસર થવાનું માનવામાં આવી રહ્યું છે. કમુહૂર્તા પૂર્ણ થવા સાથે માર્કેટમાં થોડો સળવળાટ આવવાની આશા રાખવામાં આવી રહી હતી પરંતુ પ્રવર્તમાન તેજીના વાવાઝોડાને ધ્યાને લેતા વેપાર વ્યાપક રીતે પ્રભાવિત થવાની આશંકા છે.

## અમદાવાદના વટવામાં મહાનગરપાલિકાનું મેગા ડિમોલિશન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તળાવોને દબાણમુક્ત કરવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. ચંડોળા અને ઈસનપુર બાદ આજે (૨૦મી જાન્યુઆરી) વહેલી સવારથી વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. તળાવની અંદર અને તેની આસપાસ ખડકાયેલા ૪૦૦ જેટલા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ છે.

મળતી માહિતી અનુસાર, વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર દબાણ હટાવવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી છે. ઝોન-૬ પોલીસ સ્ટેશનના આશરે ૫૦૦ જેટલા પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે અને ના ૩૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહી મોનિટરિંગ કરી રહ્યા છે. આ દબાણો દૂર કરવા માટે ૧૦ હિટાચી મશીન, ૫ જેસીબી અને મોટી સંખ્યામાં મજૂરોની ટીમ કામે લગાડવામાં આવી છે.



આ મેગા ઓપરેશન માટે એએમસી દ્વારા ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં એસ્ટેટ વિભાગની કુલ ૧૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે. નોંધનીય છે કે, આ અગાઉ કોર્પોરેશન દ્વારા તમામ દબાણકર્તાઓને સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા માટે કાયદેસરની નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં, કેટલાક રહીશો દ્વારા બાંધકામ દૂર ન કરાતા આખરે તંત્રએ જેસીબી અને બુલડોઝરની મદદથી તોડી પાડવાની ફરજ પડી હતી.

## ૨૪થી ૨૭ જાન્યુઆરી ૪ દિવસ બેંકોં બંધ રહેશે

જો તમારે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં બેન્કને લગતું કોઈ કામકાજ છે તો ઝડપથી પૂર્ણ કરી લેજો કારણ કે બેન્ક સંગઠનોએ એક દિવસીય સંભવિત હડતાળનું એલાન કર્યું છે, ઉલ્લેખનીય છે કે બેન્ક હડતાળ એક દિવસની હોઈ શકે પણ બેન્કનું કામકાજ ચાર દિવસ સુધી ઠપ રહી શકે, કારણ કે યુનાઇટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ હડતાળ રાખવાનો નિર્ણય લીધો છે, જેથી બેન્ક કર્મચારીઓ હડતાળ પર જઈ શકે છે. જેના આગળના ત્રણ દિવસ(૨૪-૨૫-૨૬ જાન્યુઆરી) સત્તાવાર રીતે રજાઓ છે. એટલે બેન્કનું કામકાજ ૨૩ જાન્યુઆરી શુક્રવાર સુધીમાં આટોપી લેવું હિતાવહ છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા જાહેર ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ સંભવિત બેન્ક હડતાળના નિર્ણયનું મુખ્ય કારણ સપ્તાહમાં ૫ દિવસ જ કામકાજ બે દિવસ રજા(ફાઇવ ડે વર્કિંગ)નો નિયમ લાગુ કરવાનું છે. યુએફબીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હાલ બેન્ક કર્મચારીઓને દરેક મહિનામાં બીજા અને ચોથા શનિવારે રજા મળે છે, બાકીના બે શનિવારે રજા જાહેર કરવા માર્ચ ૨૦૨૪માં વેતન સંશોધન કરાર મુજબ ઇન્ડિયન બેન્ક ઍસોસિએશન અને યુનાઇટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ વચ્ચે સહમતિ સધાઈ હતી.


## વિશ્વયુદ્ધના ભણકારા? ગ્રીનલેન્ડ પર કબજા માટે ટ્રમ્પની જીદ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ગ્રીનલેન્ડ પર કબજા મામલે અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે વિવાદ વધી રહ્યો છે. અમેરિકાએ નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ ()નું એક સૈન્ય વિમાન ગ્રીનલેન્ડ મોકલ્યું છે. આ વિમાન ટૂંક સમયમાં પિટુફિક સ્પેસ બેઝ પહોંચશે.

NORADAએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે આ તહેનાતી પહેલાંથી નિર્ધારિત સૈન્ય હિલચાલ હેઠળ કરવામાં આવી રહી છે. કમાન્ડે સ્પષ્ટ કર્યું કે આ સંપૂર્ણ પ્રક્રિયાની જાણકારી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડને આપવામાં આવી છે.

ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજાની ધમકી વચ્ચે ડેનમાર્કે પણ ગ્રીનલેન્ડમાં વધારાના સૈનિકો તહેનાત કર્યા છે. ફાઇનાન્શિયલ ટાઇમ્સના રિપોર્ટ અનુસાર, સોમવારે ઘણાં વિમાન ડેનમાર્કના સૈનિકો અને સૈન્ય સાધનો સાથે ગ્રીનલેન્ડ પહોંચ્યાં.



NORADAના નિવેદન મુજબ, પિટુફિક સ્પેસ બેઝ પર પહોંચનારું આ વિમાન અમેરિકા અને કેનેડાનાં ઠેકાણાં પરથી સંચાલિત અન્ય વિમાનો સાથે મળીને લાંબા સમયથી નિર્ધારિત સંરક્ષણ ગતિવિધિઓમાં સામેલ થશે.

NORADAએ એમ પણ કહ્યું હતું કે આ તહેનાતી માટે જરૂરી તમામ રાજદ્વારી મંજૂરીઓ લેવામાં આવી છે. અમેરિકાનું આ પગલું ડેનમાર્કની આગેવાની હેઠળ થયેલા એક સૈન્ય અભ્યાસ ઓપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ પછી સામે આવ્યું છે.

## મુંબઇ-દિલ્હી સહિત દેશના ૪ એરપોર્ટ પર બોડી સ્કેનર લગાવાશે

### આતંકી હુમલાના સતત ઝળુંબતા ખતરા તથા ડ્રગ્સની વધતી દાણચોરી વચ્ચે સરકારે લીધો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

ભારતમાં આતંકી હુમલાના સતત ઝળુંબતા ખતરા તથા ડ્રગ્સની વધતી દાણચોરી વચ્ચે મુંબઈ-દિલ્હી સહિત ચાર એરપોર્ટ પર ફુલ બોડી સ્કેનર્સ લગાવવામાં આવશે.

એરપોર્ટની સુરક્ષા સંભાળતી સીઆઈએસએફના સૂત્રોએ કહ્યું કે અત્યાર સુધી માત્ર પ્રાયોગીક ધોરણે અમલ હતો તે સફળ થતા હવે કાયમી ધોરણે અમલ હતો તે સફળ થતા હવે કાયમી ધોરણે અમલી થશે.




આ માટે બ્યુરો ઓફ સિવિલ સિકયુરીટીને દરખાસ્ત કરવામાં આવી છે. તેના તરફથી મંજુરી મળ્યા બાદ અમલ કરાશે. પ્રથમ તબકકે મુંબઈ, દિલ્હી, બેંગ્લોર તથા કોચ્ચી એરપોર્ટ પર લગાવાશે અને તબકકાવાર દેશના અન્ય વિમાનીમથકોને પણ સામેલ કરાશે. દિલ્હી-મુંબઈ જેવા કેટલાંક અતિ સંવેદનશીલ એરપોર્ટ પર સીઆઈએસએફ ફેસીયલ રિકગ્નીશન સીસ્ટમ આધારિત સીસીટીવી કેમેરા લગાવી રહી છે અને તેમાં એઆઈનો ઉપયોગ કરાય રહ્યો છે. હાલ લાવારિસ ચીજો શંકાસ્પદ ચીજો અથવા શંકાસ્પદ હિલચાલના એલર્ટ મળે છે. આવનારા દિવસોમાં વોન્ટેડ શખ્સો તથા આતંકવાદી-ગેંગસ્ટરોના ફોટા પણ રેકર્ડમાં મુકાશે.

## અમદાવાદના ટોચના બિલ્ડર પર ત્રાટકતુ આવકવેરા વિભાગ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેન્દ્ર સરકારના સામાન્ય બજેટને ૧૦ દિવસ બાકી છે અને નાણાંકીય વર્ષની સમાપ્તિને દોઢ મહિના જેવો સમય રહ્યો છે તેવા સમયે ટેકસ વસુલાતનો ટાર્ગેટ હાંસલ કરવા આવકવેરા વિભાગ મેદાને પડયું હોય તેમ ચાલુ કેલેન્ડર વર્ષમાં ગુજરાતમાં પ્રથમ દરોડા ઓપરેશન હાથ ધર્યુ હતું. અમદાવાદમાં ટોચના બે બિલ્ડર જુથોને ઝપટે લઇને આજે સવારથી ૩૫ જેટલા સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આવકવેરા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશન અને જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા રીયલ એસ્ટેટ ક્ષેત્રના બે ગ્રુપો પર સવારથી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કામેશ્વર ગ્રુપના પ્રહલાદ પટેલ તથા દિપેન પટેલના નિવાસસ્થાન, ઓફિસો તથા કન્સ્ટ્રકશન સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા .




આ સિવાય દીપ બિલ્ડરના દિનેશ પટેલની ઓફિસ, રહેણાંક સહિતના અન્ય સ્થળો પર તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા સહિતના શહેરોમાંથી અધિકારીઓની ટીમોને તેડાવીને ૧૨૫ અધિકારીઓને તપાસમાં સામેલ કરવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારો મળ્યાના સંકેત છે. કરોડોના નાણાંકીય વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો, સાહિત્ય હાથ લાગ્યા છે જેના આધારે કરોડો રૂપિયાની કરચોરીનો ખુલાસો થવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

સુત્રોએ ઉમેર્યુ કે, બંને બિલ્ડર ગ્રુપો પર તપાસ દરમ્યાન અન્ય કનેકશનો ખુલે તો તપાસ લંબાવવાની સંભાવના છે. દરોડા કાર્યવાહી બે થી ત્રણ દિવસ ચાલુ રહી શકે છે.

ગુજરાતમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં ઇન્કમટેકસના પ્રથમ દરોડા ઓપરેશન પગલે રાજયભરના બિલ્ડરો તથા રીયલ એસ્ટેટ વ્યવસાયિકોમાં ફફડાટ સર્જાયો હતો. આવતા દિવસોમાં વધુ દરોડા પડવાની આશંકા વ્યકત થવા લાગી હતી.

રાજયમાં છેલ્લા દોઢેક વર્ષથી રીયલ એસ્ટેટ ક્ષેત્ર મંદીમાં છે અને ખાસ કરીને જમીનના ભાવો નીચા આવ્યા છે તેવા સમયે ઇન્કમટેકસ દરોડામાં કેવોક દલ્લો મળે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે. જોકે અમદાવાદને લાગે વળગે છે ત્યાં સુધી કોમનવેલ્થ ગેમ્સ સહિતના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોને પગલે રીયલ એસ્ટેટ માર્કેટ ધબકવાની આશા રાખવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નો અને રજૂઆતોને ગંભીરતાથી ધ્યાને લઈ કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યોના અગાઉના પડતર પ્રશ્નો ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આરોગ્ય કેન્દ્ર તથા આંગણવાડીના કામો, સનદના પ્રશ્નો, કોઝવે અને નવા પુલ બનાવવા, ઘરથાળના પ્લોટ ફાળવવા, અન્ડર ગ્રાઉન્ડ બ્રિજ નીચે રસ્તો ખુલ્લો કરવા, પી.એચ.સી. સેન્ટરમાં એમ્બ્યુલન્સ ફાળવણી સહિતના પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી.

વિશેષમાં, ખેડૂતો અને ગ્રામ્ય પ્રજાને સ્પર્શતા વીજ પ્રશ્નો જેવા કે ગામતળથી દૂર વિજ લાઇન નાખવી, ટી.સી. બદલવા, નવા સબ સ્ટેશન બનાવવા, પવનચક્કી તથા વીજ લાઇનના પ્રશ્નો, વીજ પાવર નિયમિત કરવો અને ઔદ્યોગિક ઝોન તથા જે.જી.વાય. ફીડર અલગ કરવા બાબતે વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. જમીન સંપાદનનું વળતર, ગૌચર અને સરકારી ખરાબામાંથી દબાણો દૂર કરવા, ફોરેસ્ટ જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ અને પ્રમોલગેશન બાદની ક્ષતિઓ સુધારવા જેવી મહેસૂલી બાબતો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બેઠકમાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવી, ચેકડેમ અને કેનાલના ગેઈટનું રિપેરિંગ અને જાડા. હેઠળના નવા ગામોમાં વિકાસ કામો તથા ટી.પી. સ્કીમના પ્લોટની હરાજી જેવા મુદ્દાઓ અંગે ચર્ચા કરાઈ હતી.કલેક્ટરએ સંકલન સમિતિના સભ્યોને સૂચના આપતા જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ તરફથી આવેલી રજૂઆતોને અગ્રતા આપી તેનો હકારાત્મક ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. તેમણે તમામ કામો ઝડપથી અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિકુમાર સૈની સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના પીપળી ગામે ગોકુલધામ અને ત્રિલોકધામ સોસાયટીના રહીશોની વ્યથા, સુવિધાઓ ન આપનાર બે બિલ્ડર સામે ફરિયાદ

## લાઈટ, પાણી, ગટર સહિતની પ્રાથમિક સુવિધાઓના અભાવે ૧૪૪ મકાનના રહીશો મુશ્કેલીમાં

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પીપળી ગામે આવેલી ગોકુલધામ અને ત્રિલોકધામ સોસાયટીમાં લાઈટ, પાણી, રોડ અને ગટર જેવી મૂળભૂત સુવિધાઓ ન મળતા રહીશોએ બે અલગ-અલગ ફરિયાદમાં બે બિલ્ડર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ પીપળી ગામે ચાર સોસાયટીના ૮ બિલ્ડરો સામે આ રીતની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

મોરબી તાલુકાના પીપળી ગામ પાસે આવેલી ગોકુલધામ અને ત્રિલોકધામ સોસાયટીમાં પ્રાથમિક સુવિધાઓ ન મળતા રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ મામલે ગોકુલધામ સોસાયટીમાં મકાન નં. બી-૧૦માં રહેતા ભરતભાઈ વિઠ્ઠલભાઈ પરમાર ઉવ.૪૮ અને ત્રિલોકધામ સોસાયટીમાં એચ-૬માં રહેતા વિનોદભાઈ ભલાભાઈ ચાવડા ઉવ.૪૩એ આરોપી બિલ્ડર હસમુખભાઈ વલમજીભાઈ પટેલ અને આરોપી બિલ્ડર પ્રવીણભાઈ ગણેશભાઈ ગામી સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કે, ગોકુલધામ સોસાયટીમાં કુલ આશરે ૪૩ મકાનો આવેલ છે. અને ત્રિલોકધામ સોસાયટીમાં ૧૦૧ મકાન આવેલ છે. ગોકુલધામ સોસાયટીમાં ફરિયાદી ભરતભાઈની માતા નંદુબેનના નામે તા.૨૨/૦૫/૨૦૧૯ના રોજ રૂ.૧૦,૨૫,૦૦૦/-ની કિંમતનું મકાન આરોપી બિલ્ડર હસમુખભાઈ પટેલ પાસેથી રજીસ્ટર દસ્તાવેજ દ્વારા ખરીદવામાં આવ્યું હતું. અને ત્રિલોકધામ સોસાયટીમાં વિનોદભાઈ ચાવડાના પત્ની વનીતાબેનના નને વર્ષ ૨૦૨૨ માં આરોપી બિલ્ડર પ્રવીણભાઈ ગામી પાસેથી રજીસ્ટર દસ્તાવેજ દ્વારા ખરીદવામાં આવ્યું હતું. તે સમયે બિલ્ડરે પાણી, રોડ-રસ્તા, ગટર, કોમન પ્લોટ સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સરકાર સમક્ષ બાંહેધરી આપ્યાનું કહી રહીશોને વિશ્વાસમાં લીધા હતા.

સમય જતા બંને સોસાયટીમાં કોઈ જ સુવિધાઓ ઉપલબ્ધ ન થતા ગોકુલધામ અને ત્રિલોકધામ સોસાયટીના રહીશો પીપળી ગ્રામ પંચાયતમાં રજૂઆત કરવા ગયા હતા, જ્યાંથી જાણવા મળ્યું કે મકાનના દસ્તાવેજ નમૂના નંબર-૨માં ચડેલા ન હોવાથી પંચાયત તરફથી કોઈ સુવિધા મળી શકે નહીં. ત્યારબાદ બિલ્ડરને પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ ન મળતા, રહીશો દ્વારા ઓનલાઈન દસ્તાવેજ ચકાસણી કરતા ખુલ્યું કે બિલ્ડરે મકાનની જગ્યાએ પ્લોટના દસ્તાવેજ કરી આપ્યા હતા અને પ્રાથમિક સુવિધાઓ માટે લેવાયેલા નાણાંનો અંગત ઉપયોગ કરી રહીશોને સુવિધાઓથી વંચિત રાખ્યા હતા. આ રીતે બિલ્ડરે વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરી હતી.

ફરિયાદમાં ભરતભાઈ પરમારે તથા વિનોદભાઈ ચાવડાએ આરોપી હસમુખભાઈ વલમજીભાઈ પટેલ તથા આરોપી પ્રવીણભાઈ ગણેશભાઈ ગામી તેમજ તપાસ દરમિયાન જેના નામ ખુલ્લે તે અન્ય જવાબદાર લોકો સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે અગાઉ પણ પીપળી ગામની અલગ અલગ ચાર સોસાયટીના ૮ બિલ્ડરો સામે આ પ્રકારની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી, જેને લઈને ફરી એકવાર બિલ્ડરોની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

# પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા પોણા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કોડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા વધુમાં વધુ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી એલ.સી.બી. પોલીસ ઇન્સપેક્ટર વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એવ્સ્કોન્ડર.પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઇન્સપેક્ટર પી.એન.મોરી તથા સ્ટાફ દ્વારા નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા.દરમ્યાન સ્ટાફના ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ ડાંગર, કરણસિંહ જાડેજા, દિલીપસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા નાઓને મળેલ બાતમી હકિકત મુજબ જામનગર સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૪૫૬/૨૦૨૪ પ્રોહિબીશન એકટની કલમ- ૬૫એ,ઇ, ૮૧ મુજબના ગુનામાં છેલ્લા પોણા બે વર્ષથી નાસતા-ફરતા આરોપી.હિરાભાઇ રામચંદભાઇ મોરસીયા ઠાકોર ઉ.વ.૩૮ રહે.દેવગામ, તા.રાધનપુર જી.પાટણ નાઓને તેના રહેણાંક મકાન ખાતેથી પકડી પાડી આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરી એવ્સ્કોન્ડર.પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર પી.એન.મોરી તથા એ.એસ.આઇ. ગોવિંદભાઇ ભરવાડ, કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સલીમભાઇ નોયડા, સુરેશભાઇ ડાંગર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા મહિપાલભાઇ સાદિયા, હાર્દિકભાઇ ભટ્ટ, તથા પો.કોન્સ.દિલીપસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા તથા એલ.સી.બી.ના હેડ કોન્સ.નિર્મળસિંહ જાડેજા તથા પો.કોન્સ.બળવતસિંહ પરમાર નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

# મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિની બેઠક આગામી ૨૩ જાન્યુઆરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિની જાન્યુઆરી-૨૦૨૬ માસની બેઠક તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ બપોરે ૩ વાગ્યે મહાનગરપાલિકા કચેરી રેન બસેરા ખાતે યોજાશે. બેઠકમાં ગ્રામ પંચાયતના કામોની પ્રગતિ તથા જનભાગીદારીના કામો અંગે સમિક્ષા કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિ માહે જાન્યુઆરી-૨૦૨૬ ની નિયમિત બેઠક તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ બપોરે ૦૩૦૦ કલાકે યોજાવાની છે. આ બેઠક મહાનગરપાલિકા કચેરીના સભાખંડ, ત્રીજો માળ, ઇસ્ટ ઝોન ખાતે, મહારાણી નંદકુવરબા આશ્રયગૃહ (રૈનબસેરા) ઇમારત, રેલ્વે સ્ટેશન રોડ, મોરબી ખાતે રાખવામાં આવી છે. આ બેઠકમાં સંકલન સમિતિના તમામ સભ્યો, પદાધિકારીઓ અને સંબંધિત અધિકારીઓને સમયસર ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકાના તમામ શાખા અધ્યક્ષોને ખાસ કરીને જાતે સમગ્ર વિગતો સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. અનિવાર્ય કારણોસર ગેરહાજર રહેવાનું થાય તો મ્યુનિસિપલ કમિશનરની પૂર્વ અનુમતિ મેળવી સાથે પ્રતિનિધિ મોકલવાની સૂચના આપવામાં આવી છે. બેઠકમાં ગ્રામ પંચાયતોની સ્વભંડોળ બચતની રકમની મર્યાદામાં નક્કી કરાયેલા કામોની પ્રગતિ અંગે અહેવાલ તેમજ જનભાગીદારીના કામો માટે પૂર્ણ થયેલી કાર્યવાહી અને નવી આવેલ રજૂઆતો/અરજીઓ અંગે સમિક્ષા કરવામાં આવશે. સંબંધિત એજન્ડા બાબતે શાખા કક્ષાએ થયેલી કાર્યવાહી અંગેનો અહેવાલ બેઠક પહેલાં મોકલવા અને જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવા પણ સૂચના આપવામાં આવી છે. આ અંગે મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિના સભ્ય સચિવ કુલદીપસિંહ વાળાએ તમામ સંબંધિતોને બેઠકમાં હાજરી આપવા અપીલ કરી છે.

# જામનગર જિલ્લા પંચાયત ખાતે PC & PNDT એક્ટ.૧૯૯૪ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાની મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોના ભાગરૂપે PC & PNDT એક્ટ.૧૯૯૪ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન જિલ્લા પંચાયત જામનગર ખાતે એ.એમ. શુક્લ સચિવ એડિશનલ સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.તેઓએ ઉપસ્થિત તમામ મેડિકલ ઓફિસરોને દીકરીના અસ્તિત્વને બચાવવાનો સંકલ્પ મજબૂત કરવા તથા લિંગ સમાનતાનો સંદેશ ફેલાવવાની અપીલ કરી હતી. સાથે જ PC & PNDT એક્ટ-૧૯૯૪ હેઠળ કરવામાં આવેલા કાયદાકીય સુધારા અને તેની અમલવારી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં મેડિકલ ઓફિસરોને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ડો.નૂપુર પ્રસાદ CDHO, ડો.પંકજકુમાર સિંઘ DTO, ડો. રાજેશ ગુપ્તા ADHO, ડો. જયેશ પટેલ EMO. નીરજ મોદી DIECO, યજ્ઞેશ ખારેચા DPC. તમામ મેડિકલ ઓફિસરો, બંસી ખોડિયાર DMC, DHEW, OSC સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે PC & PNDT એક્ટ.૧૯૯૪નો મુખ્ય ઉદ્દેશ લિંગ પસંદગી આધારિત ગર્ભપાતને રોકવો તથા ગર્ભમાં જ દીકરીની હત્યા થતી અટકાવવાનો છે. ટેકનોલોજીનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થવો જોઈએ અને જ્યારે તેનો દુરુપયોગ સમાજ માટે ઘાતક બને, ત્યારે આવા કડક કાયદાઓ જરૂરી બની જાય છે.આ એક્ટ એ દિશામાં એક મજબૂત પગલું છે.

# જામનગર જિલ્લામાં બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાનો અસરકારક અમલ

## જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના હસ્તે નવજાત જુડવા દીકરીઓને દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સમાજમાં દીકરીઓની આર્થિક તથા સામાજિક સ્થિતિ મજબૂત બનાવવી, દીકરીઓના જન્મદરમાં વધારો કરવો, શિક્ષણમાં ડ્રોપઆઉટ ઘટાડવો, બાળલગ્નની પ્રથા અટકાવવી તેમજ સ્ત્રીઓનું સ્થાન વધુ સશક્ત બનાવવાના ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અમલમાં છે.

આ યોજનાનો અસરકારક અમલ થાય તથા સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક દષ્ટિકોણ વિકસે તે માટે જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં દીકરીઓના કલ્યાણ માટે અનેક પરિણામલક્ષી પહેલો સફળતાપૂર્વક અમલમાં આવી રહી છે.ત્યારે મહિલા અને બાળ અધિકારી કચેરી જામનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં કલેક્ટરના હસ્તે નવજાત જન્મેલ જુડવા દીકરીઓને દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરએ લાભાર્થી પરિવારજનોને દીકરીના જન્મ બદલ અભિનંદન પાઠવી, દીકરીને શિક્ષિત અને સશક્ત બનાવવાની મહત્વતા ઉપર ભાર મૂક્યો હતો.કાર્યક્રમ દરમિયાન લાભાર્થી પરિવારને વ્હાલી દીકરી યોજનાના ફોર્મ આપવામાં આવ્યા હતા તેમજ યોજનાના લાભ, પાત્રતા અને અરજી પ્રક્રિયા અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોરબીના ઘુંટુ અને માળીયામાં અલગ અલગ અપમૃત્યુના બે બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ઘુંટુ રોડ પર સીરામિક કારખાનામાં કામ દરમિયાન યુવાનનું મોત થયું, જ્યારે માળીયા(મી)માં ડ્રાઈવરનું હાર્ટ એટેકથી મૃત્યુ નીપજ્યું હતુ. બંને બનાવોમાં પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

અમૃત્યુનો પ્રથમ બનાવમાં મોરબી તાલુકાના ઘુંટુ રોડ ઉપર આવેલ સીલક સીરામિકમાં રહેતા રાકેશકુમાર દેવનારાયણ શર્મા ઉવ.૨૯ ગઈકાલ તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ કારખાનામાં મશીન ઉપર કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ગળાના ભાગે ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેઓ મૃત હાલતમાં લાવવામાં આવ્યા હોવાનું જાહેર કરાયુ હતું. આ અંગે ફરજ પરના હાજર ડોક્ટર દ્વારા જાણ કરાતા તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અપમૃત્યુના બીજા બનાવમાં માળીયા(મી)પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અ.મોતની વિગત મુજબ, મરણજનાર સંતોષભાઈ શંકરભાઈ ચૌહાણ ઉવ.૩૬ હાલ રહે. અમદાવાદ વસ્ત્રાપુર મૂળ રહેવાસી હરવાડી જી.બેતુલા (મ.પ્ર.) વાળા ગત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ તેમના શેઠની ગાડી લઈને અમદાવાદથી મોરબી આવી રહ્યા હતા. ત્યારે અણીયારી ટોલનાકા પાસે પહોંચતા તેમને અચાનક છાતીમાં દુખાવો થતા ગાડીમાં પાછળ સૂઈ ગયા હતા. બાદ માળીયા(મી) તાલુકાના ઓનેસ્ટ હોટલ પાસે પહોંચ્યા બાદ તેમને જગાડવાનો પ્રયાસ કરતા તેઓ જાગેલ નહિ જેથી પહેલા માળીયા(મી) સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ડોક્ટરે તપાસ બાદ હાર્ટ એટેકના કારણે તેમનું મોત થયાનું જાહેર કર્યું હતું.

# મોરબી મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા દિવ્યાંગ બાળકો માટે આનંદમય પિકનિકનું આયોજન





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા મંગલમૂર્તિ સંસ્થાના દિવ્યાંગ બાળકો માટે ખોખરા હનુમાન ખાતે આનંદમય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો, વાલીઓ, શિક્ષકો તથા સંસ્થાના સભ્યો સહભાગી બન્યા હતા.

મોરબી સ્થિત મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ખોખરા હનુમાન ખાતે મંગલમૂર્તિ દિવ્યાંગ બાળકો માટે એક આનંદમય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પિકનિકમાં દરેક દિવ્યાંગ બાળક સાથે તેમના માતા અથવા પિતા, મંગલમૂર્તિના શિક્ષકો તેમજ મુસ્કાન વેલ્ફેર સોસાયટીના સભ્યો (સદસ્યો) પણ ઉપસ્થિત રહ્યા હતા. પિકનિક દરમિયાન બાળકો, વાલીઓ, શિક્ષકો અને મુસ્કાનના સભ્યો માટે નાસ્તા તથા ભોજનની સુવ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે જ બાળકો એ રમતો રમી હતી, જેથી સૌએ આનંદભરી અને યાદગાર ક્ષણો માણી હતી.

મુસ્કાન વેલ્ફેર સોસાયટીનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકોના જીવનમાં ખુશી, આત્મવિશ્વાસ અને સામાજિક જોડાણ વધારવાનો છે, અને આ પિકનિક તે દિશામાં એક સરાહનીય પ્રયાસ રહ્યો હતો. તેમ યાદીમાં જણાવ્યું છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા શહેરમાં પ્રથમ ૬-લેન રોડ બનાવવાની યોજનાને મંજૂરી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ શહેરમાં પ્રથમ ૬-લેન રોડ બનાવવાની યોજનાને મંજૂરી આપી છે. કુલ ૩૪.૩૨ કરોડ રૂપિયાના વિકાસ કાર્યો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં ઓશવાળ સેન્ટરથી દિગ્જામ સર્કલ સુધીના ૬-લેન આસફાલ્ટ રોડ માટે ૧૫.૦૨ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.આ ૬-લેન રોડ ઓશવાળ સેન્ટર, પાયલોટ બંગલા અને ખોડિયાર કોલોની થઈને દિગ્જામ સર્કલ સુધી લંબાશે. આ વિસ્તાર જામનગરમાં સવાર-સાંજ ભારે ટ્રાફિકનો અનુભવ કરે છે, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડે છે.શહેરમાં પ્રથમ વખત ૬-લેન રોડ બનવાથી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. ખાસ કરીને ઓશવાળ સેન્ટરથી ખોડિયાર કોલોની મેઈન રોડ પરના સતત ટ્રાફિકથી લોકોને કાયમી રાહત મળશે.આ યોજનાને જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠક ચેરમેનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં મેયર વિનોદ ખીમસૂર્યા અને કમિશનર ડી.એન. મોદી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં ટ્રાફિક શાખાની કડક કાર્યવાહી, અડચણરૂપ પાર્ક કરેલા વાહનો સામે દંડ






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના બાપા સીતારામ ચોકથી રવાપર ચોકડી સહિતના મુખ્ય માર્ગો પર અડચણરૂપ પાર્ક કરાયેલા વાહનો સામે ટ્રાફિક શાખા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ૨૪ વાહનચાલકો સામે કાર્યવાહી કરી કુલ રૂ.૧૨,૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો તેમજ વાહનચાલકો અને વેપારીઓને સુનિશ્ચિત પાર્કિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી ટ્રાફિક શાખા પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. બાપા સીતારામ ચોકથી રવાપર ચોકડી, રવાપર ઝાપો, કેપિટલ માર્કેટ, કોહીનુર કોમ્પલેક્ષ તેમજ વર્ધમાન ચોકડી જેવા વ્યસ્ત માર્ગો પર રોડ ઉપર અડચણરૂપ ઉભેલા વાહનો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન રોડ ઉપર આડેધડ પાર્ક કરાયેલા તથા આવક-જાવકમાં અવરોધરૂપ બનેલા વાહનોને દૂર કરાવી ૨૪ વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરી કુલ રૂ.૧૨,૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. સાથે સાથે ટ્રાફિક શાખાની ટીમે વાહનચાલકો અને વેપારીઓને પોતાના વાહનો નિર્ધારિત જગ્યાએ જ પાર્ક કરવા તથા કરાવવા અંગે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

આ અવસરે મોરબી ટ્રાફિક શાખા પોલીસ દ્વારા પ્રજાજોગ સંદેશ આપતાં જણાવ્યું હતું કે, શહેરની જનતાએ પોતાનું વાહન રોડ ઉપર ગમે ત્યાં પાર્ક ન કરવું, રોંગ સાઈડમાં વાહન ચલાવવાનું ટાળવું અને પોતાની લેનમાં જ વાહન ચલાવવું જોઈએ. ટ્રાફિક નિયમોના પાલનથી જ શહેરમાં સુવ્યવસ્થિત અને સુરક્ષિત ટ્રાફિક વ્યવસ્થા શક્ય બને તે માટે પોલીસ તરફથી અપીલ કરવામાં આવી છે.

# હળવદના વેગડવાવ ગામે મંદિરમાં તોડફોડ મામલે સમજાવવા ગયેલા ગ્રામજનોને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના વેગડવાવ ગામે ખીજડીયા હનુમાનજીના મંદિરમાં તોડફોડ કર્યાની ઘટના સામે આવી છે. જે બાબતે આરોપીને સમજાવવા ગયેલા ગ્રામવાસીઓને ગાળો આપી ટાંટિયા ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપનાર ઝઘડાલુ ઈસમ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

હળવદ તાલુકાના વેગડવાવ ગામે આવેલ ખીજડીયા હનુમાનજીના મંદિરમાં અજાણ્યા શખ્સ દ્વારા દાનપેટી, કેબલ વાયર, ફેન્સિંગ વાયર સહિત મંદિરની અન્ય વસ્તુઓમાં તોડફોડ કરી નુકસાન કર્યાની ઘટના સામે આવી હતી. આ અંગે તા.૧૮/૦૧/૨૦૨૬ના બપોરે ગામના લાલજીભાઈ લવજીભાઈ પીપળીયા સહિતના ગ્રામવાસીઓ મંદિર ખાતે પહોંચ્યા હતા. જ્યાં મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરા તપાસતા તોડફોડ કરનાર શખ્સ ગામનો જ રામજીભાઈ ચતુરભાઈ સુરેલા હોવાનું સામે આવતા, ગ્રામજનો તેને સમજાવવા ગયા હતા. તે સમયે આરોપી રામજીભાઈએ ગ્રામજનોને ગાળો આપી એકદમ આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ''મને કોઈ કહેવા આવશે તો ટાંટિયા ભાંગીને પતાવી દઈશ'' તેવી ધમકીઓ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ રામજીભાઈ ઝનૂની સ્વભાવનો છે, અગાઉ પણ ગામના લોકોને ગાળો અને ધમકીઓ આપતો રહ્યો છે તેમજ અવારનવાર ઝગડાઓ કરતો હોય. હાલ સમગ્ર ઘટનાને લઈ ફરિયાદી લાલજીભાઈ લવજીભાઈ પીપળીયા રહે.વેગડવાવ તા.હળવદ વાળાએ હળવદ પોલીસ મથકમાં આરોપી રામજીભાઈ ચતુરભાઈ સુરેલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબી નિવાસી સુરેશચંદ્ર બગાનું અવસાન, ગુરુવારે બેસણું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નિવાસી સુરેશચંદ્ર પ્રેમજીભાઈ બગા તા.૧૯ જાન્યુઆરીના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેઓ ધવલભાઈ તથા જિજ્ઞાસાબેનના પિતા હતા. સ્વ.બીપીનભાઈ અને સ્વ.જયંતિભાઈના નાનાભાઈ તેમજ ભરતભાઈ, સંજયભાઈ અને પારિતોષભાઈના કાકા ઉપરાંત નિરંજનાબેન નરેન્દ્રકુમાર સોની (ગાંધીનગર) તથા ઉમાબેન મુકુંદરાઈ બુદ્ધભટ્ટી (ભુજ) વાળાના ભાઈ તથા ભાવનાબેન, દ્રવ્યસી અને ઋષિતાના કાકાજી સસરા તેમજ શિલ્પાબેન તુષારકુમાર બારમેડા અને સ્વ.નિધિબેન જગદીશ બારમેડાના કાકા આ સિવાય આકાશ, અમિ અને રુદ્રી-ઈશારાના કાકા દાદા શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૨૨/૦૧/૨૦૨૬, ગુરુવારે સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન સ્ટેશન રોડ સ્થિત જડેશ્વર મંદિર ખાતે રાખવામાં આવ્યું છે.

# મોરબી રાજપર ચોકડી નજીકથી વિદેશી દારૂની બોટલ સાથે નીકળેલ એકની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે રાજપર ચોકડી શનાળા ખાતે શંકાસ્પદ રીતે ઉભેલ રવિભાઈ શામજીભાઈ ડડૈયા રહે. હાલ હોલો સેનેટરી કારખાનામાં ઘુંટુ મૂળગામ સુકલ-પીપળીયા તા.જી.રાજકોટ વાળાને રોકી તેની અંગ ઝડતી લેતા તેના પેન્ટના નેફામાં છુપાવેલ વિદેશી દારૂ બ્લેક લેસ રમની એક બોટલ કિ.રૂ.૬૯૬/-મળી આવી હતી. હાલ પોલીસે આરોપીની સ્થળ ઉપરથી અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડુંગળીના ભાવમાં ભડકો છૂટક બજારમાં ભાવ ૩૦થી ૫૦ પ્રતિ કિલો

## હોટલોમાં ક્વોલિટી અને કિંમતનું ગણિત બદલાયું

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદીઓના ભોજનનો અભિન્ન હિસ્સો ગણાતી ડુંગળી હવે ગૃહિણીઓ સાથે હોટલ સંચાલકોને પણ રડાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. હોલસેલ બજારમાં પ્રતિ કિલો રૂા.૮ થી ૧૮ માં વેચાતી ડુંગળીના ભાવ વધીને રૂા.૧૮ થી ૨૪ સુધી પહોંચી ગયા છે, જેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે.

જથ્થાબંધ બજારમાં ભાવ વધતા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં છૂટક ડુંગળી રૂા.૩૦ થી માંડીને રૂા.૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. હાલમાં અમદાવાદના માર્કેટ યાર્ડમાં મહારાષ્ટ્રના નાસિક તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, મહુવા અને રાજકોટ પંથકમાંથી ડુંગળીની આવક થઈ રહી છે. જોકે, વેપારીઓના મતે આગામી દિવસોમાં પુરવઠો અને માંગના સમીકરણોને જોતા ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.

ડુંગળીના વધતા ભાવ વચ્ચે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. બજારના સૂત્રો અને જથ્થાબંધ વેપારીઓના જણાવ્યા અનુસાર, ડુંગળીના વધતા ભાવને કારણે ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે.



નાની હોટલોની મજબૂરીઃ બજારના જાણકારોનું કહેવું છે કે, નાની અને મધ્યમ વર્ગની હોટલોમાં ઘણીવાર રસોડા અને શાકભાજીનો સ્ટોક ગ્રાહકોની નજર સામે હોવાથી ત્યાં સંચાલકો સારી ગુણવત્તાની ડુંગળી રાખવાનો આગ્રહ રાખતા હોય છે.

મોટી હોટલો અને ખર્ચનું ગણિતઃ બીજી તરફ, મોટાપાયે વપરાશ ધરાવતી અને જ્યાં રસોડામાં ગ્રાહકોની સીધી અવરજવર નથી હોતી, તેવી જગ્યાઓએ ખર્ચ ઘટાડવા માટે ઘણીવાર સસ્તા વિકલ્પો કે મધ્યમ ગુણવત્તાની ડુંગળીનો ઉપયોગ થતો હોવાનું બજારમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ બાબત સંપૂર્ણપણે હોટલ સંચાલકોની નીતિ પર નિર્ભર રહે છે.

# લખતર સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ 'અમૃત ભારત યોજના' હેઠળ ૩.૯૮ કરોડના ખર્ચે કાયાકલ્પ

## મુસાફરો માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં મોટું કદમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' (ABSS) અંતર્ગત ૩.૯૮ કરોડના ખર્ચે લખતર સ્ટેશનનું વ્યાપક પુનઃવિકાસ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્ય કલા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.



મુખ્ય ફેરફારો જે મુસાફરીનો અનુભવ બદલી નાખશે : સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વરિષ્ઠ નાગરિકોને અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિશાળ સર્ક્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. પુનઃવિકાસના મુખ્ય આકર્ષણો નીચે મુજબ છે

**નવું સ્ટેશન બિલ્ડિંગ અને ભવ્ય પ્રવેશ** : ૩૧૨૫ ચોરસ ફૂટમાં ફેલાયેલું નવું સ્ટેશન બિલ્ડિંગ અને ૨૪ ફૂટ પહોળો ભવ્ય પ્રવેશ/નિકાસ દ્વાર મુસાફરોની અવરજવરને અવરોધરહિત બનાવશે.

**બહેતર પ્રતીક્ષા સુવિધા** : મુસાફરો માટે ૧૨૨૦ ચોરસ ફૂટમાં આધુનિક AC અને સામાન્ય પ્રતીક્ષાલયો બનાવવામાં આવ્યા છે. સાથે જ, એક સુસજ્જ VIP રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

**વિશાળ શેલ્ટર અને પ્લેટફોર્મ** : પ્લેટફોર્મ નંબર ૧ અને ૨ પર ૧૨,૦૦૦ ચોરસ ફૂટનો કવર શેડ મુસાફરોને તડકા અને વરસાદથી બચાવશે. આ ઉપરાંત ૯૦,૫૦૦ ચોરસ ફૂટથી વધુ પ્લેટફોર્મ વિસ્તારનું સુદ્રઢીકરણ કરવામાં આવ્યું છે.

**પર્યાવરણ અને સુશોભન** : સ્ટેશન પરિસરમાં ૧,૦૦૦ ચોરસ ફૂટનો 'ગ્રીન પેચ' વિકસાવવામાં આવ્યો છે, જે મુસાફરોને તાજગીભર્યો અનુભવ આપશે.

**સુગમ પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા** : ૧૧૮૦ ચોરસ ફૂટનો પાર્કિંગ વિસ્તાર અને ૧૦,૯૦૦ ચોરસ ફૂટનો સુવ્યવસ્થિત સર્ક્યુલેટિંગ એરિયા સ્ટેશન પર થતી ભીડને ઓછી કરશે.

**દિવ્યાંગજનો માટે વિશેષ જોગવાઈ** : રેલવેએ સમાવેશી માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને લખતર સ્ટેશન પર ટેક્ટાઈલ ટાઈલ્સ, વિશેષ સાઈનેજ, હેન્ડ રેલ, સમર્પિત પાર્કિંગ સ્લોટ અને રેમ્પની સુવિધા સુનિશ્ચિત કરી છે.

**આધુનિક શૌચાલય** : ૪૮૦ ચોરસ ફૂટનું આધુનિક શૌચાલય સ્વચ્છતા અને સુવિધામાં વધારો કરશે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ''અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ લખતર સ્ટેશનનો આ પુનઃવિકાસ મુસાફરો માટે સુગમતા અને ગરિમાપૂર્ણ મુસાફરીનો નવો માપદંડ સ્થાપિત કરશે. આધુનિક પ્રતીક્ષાલયોમાં બેસવાની શ્રેષ્ઠ વ્યવસ્થા, વેન્ટિલેશન અને શાંત વાતાવરણ મુસાફરોના અનુભવને વધુ સુખદ બનાવશે. આધુનિક માહિતી પ્રણાલી, બહેતર પ્રકાશ વ્યવસ્થા, સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે.''

# હળવદના ધનાળા ગામે તીનપત્તિનો જુગાર રમતા ચાર ઝબ્બે, એક નાસી છૂટ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ધનાળા ગામની સીમમાંથી જુગાર રમતા કુલ આરોપી-૪ ને રોકડ રૂ.૩૩,૧૦૦/- ના મુદામાલ સાથે હળવદ પોલીસે ઝડપી લીધા હતા, રેઈડ દરમિયાન એક જુગારી નાસી જતા તેને પકડી લેવા તપાસ શરૂ કરી છે.

હળવદ પોલીસ મથકની સર્વેલન્સ ટીમે મળેલ બાતમીના આધારે ધનાળા ગામની સીમ બ્રાહ્મણી નદિના પટ્ટમાં બાવળની કાંટમાં જાહેરમાં જુગાર અંગે રેઇડ કરી હતી. જ્યાં તીનપત્તિનો જુગાર રમતા



ચંદુ ઉર્ફે સંજય રાણાભાઇ જીજુવાડીયા રહે. ગામ જુના ધનાળા તા.હળવદ, વિજય ધીરૂભાઇ સાંતલપરા રહે.ગામ મહેન્દ્રનગર ક્રાંતીજ્યોત પાછળ તા.જી.મોરબી, સુરેશ ઠાકરશીભાઇ સોનાગ્રા રહે.શોભેશ્વર પાર્ક જુના ઘુંટુ રોડ મોરબી-૨ તથા સુરેશ રમેશભાઇ જીંજુવાડીયા રહે.હળવદ સલાટ ફળી તા.હળવદ વાળાને રોકડ રકમ રૂ.૩૩,૧૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. રેઇડ દરમિયાન આરોપી કિરણ જીલુભાઇ જીંજુવાડીયા રહે.ગામ જુના ધનાળા તા.હળવદ વાળો ભાગી છૂટ્યો હતો. હાલ હળવદ પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ ખાતે પેલીએટીવ કેન્સર કેર સેન્ટરના ભૂમિપૂજનનો કાર્યક્રમ ૧ ફેબ્રુઆરીના રોજ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્સર કેર ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા નિર્માણ પામનાર પ્રીતિબેન પ્રભુદાસભાઈ પારેખ (શિલ્પા જ્વેલર્સ) પેલીએટીવ કેન્સર કેર સેન્ટરના ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૮ કલાકે એમરેલી ગામ, ઇશ્વરિયા ગામથી ૫ કિ.મી., ખીરાસરા પેલેસથી ૫ કિ.મી., કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાશે. કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે માનવીય સંવેદના, કરુણા અને ગુણવત્તાયુક્ત સંભાળ પ્રદાન કરવાના હેતુસર આ કેન્સર કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ભૂમિપૂજનના કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, મહાનુભાવો તથા નાગરિકો ઉપસ્થિત રહેશે. આ અંગે વધુ માહિતી માટે અશ્વિનભાઈ સોલંકી (મો. ૯૮૨૪૮ ૧૦૦૩૬)નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પરિસરમાં મોબાઈલ તથા તમામ દૂર સંચાર ગેઝેટ્સના ઉપયોગ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ ફરમાવ્યું છે કે, રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ સંકુલમાં સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઇ કોઇપણ વ્યક્તિ મોબાઇલ ફોન, આઇપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઇ સાધનો/ ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં /કરશે નહીં. આ જાહેરનામું તા.૨૮/૦૨/૨૦૨૬ ના ક.૨૪/૦૦ વાગ્યા સુધી અમલી છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં)નો સમગ્ર વિસ્તારમાં લાગુ રહેશે. કોઇ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજ ના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ કાયદાનુસાર શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# ગીર ગઢડાના જુના ઉગલા ગામે RFO ભરવાડના અધ્યક્ષ સ્થાને મિટિંગ મળી

## વર્ષો જૂનો વિવાદનો ઉકેલ લાવીને નવી ઈડીસી કમિટીની રચના કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા ના જુના ઉગલા ગામે આજ રોજ નવી ઈડીસી કમિટીની રચના કરવામા આવી હતિ જેમાં જશાધાર રેન્જ RFOના ભરવાડના માર્ગદશન નીચે ના રોજ જુનાઉગલા ગ્રામપંચાયત કચેરી ખાતે નોટિસ લગાવી તા.૧૬/૧ના સવારે ૧૦ કલાકે ગ્રામ સમસ્ત મિટિંગ બોલાવવામાં આવેલ જે અનુસાંધાને બહોળી સંખ્યામાં



લોક હાજર રહેલ અને RFO ભરવાડની અને ગ્રામજનોની હાજરીમાં ચેલા ઘણા સમયથી બાંધકમીટી શાંતિપૂર્ણ રીતે નવી કમિટીની રચના કરવામાં આવી છે અને ગ્રામજનોએ RFO ભરવાડ આભાર માન્યો હતો.

# મોરબીના મહેન્દ્રનગર નજીક બે દરોડામાં વિદેશી દારૂની ૧૮ બોટલ સાથે બે ઈસમો ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મહેન્દ્રનગર-હળવદ રોડ પાણીના ટાંકા સામેથી પ્લાસ્ટિકની થેલી લઈને નીકળેલ શખ્સને રોકી તેની તલાસી લેતા, થેલીમાંથી ઓલ સિઝન ગોલ્ડન કલેક્શન વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૧૬ બોટલ કિ.રૂ.૩,૬૪૦/-મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી નરેન્દ્રભાઈ કાંતિલાલ ગોટી ઉવ.૪૦ રહે.મહેન્દ્રનગર પ્રભુકૃપા બાલાજી હોમ્સ-૨ બ્લોક નં.૭૦૪ મોરબી-૨ વાળાની અટકાયત કરી હતી.

જ્યારે મહેન્દ્રનગર ચાર રસ્તા પાસેથી આરોપી વિક્રમભાઈ ઉર્ફે ઢીંગો વેલજીભાઈ ધામેચા ઉવ.૧૯ રહે. મહેન્દ્રનગર ચાર રસ્તા પાસે મોરબી-૨ વાળો થેલીમાં કંઈક છુપાવતો હોય તેમ પસાર થતા તેને પોલીસે રોકી થેલીની તલાસી લેતા તેનાથી વિદેશી દારૂ બ્લેન્ડર્સ પ્રાઇડ વ્હિસ્કીની ૨ નંગ બોટલ કિ.રૂ.૩,૬૦૦/-મળી આવતા તેની અટક કરી હતી. આ સાથે બી ડિવિઝન પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડમાં ઈકો કારની ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબીએ કાલાવડ તાલુકાના મોટી ભગેડી ગામેથી ઇકો કાર ચોરીના કેસમાં પંચમહાલના બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરાયેલી ઇકો કાર અને બે મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ વાહન ચોરી અને ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સૂચના આપી હતી. આ સૂચનાના આધારે એલસીબી પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સી.એમ. કાંટેલીયા, પીએસઆઈ એમ.વી. ભાટીયા અને સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા.પેટ્રોલિંગ દરમિયાન એલસીબી સ્ટાફના ધર્મેન્દ્રસિંહ જાડેજા, ભરતભાઈ ડાંગર, મયુદિનભાઈ સૈયદ અને કિશોરભાઈ પરમારને જામનગર કમાન્ડ કંટ્રોલની મદદથી ચોક્કસ હકીકત મળી હતી. આ માહિતીના



આધારે, પોલીસે જામનગર-કાલાવડ હાઈવે પર મોટી માટલી ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી.ત્યાંથી પસાર થતા જશવંતભાઈ ગુલાબભાઈ નાયક (ઉં.વ. ૨૭) અને સમરૂભાઈ ચીમનભાઈ નાયક (ઉં.વ. ૨૦) ને ઝડપી લેવામાં આવ્યા હતા. બંને ખેત મજૂરી કરે છે અને મૂળ ગોધરા, પંચમહાલ જિલ્લાના થાણા ગરજણ ગામના પટેલ ફળિયાના રહેવાસી છે. જશવંતભાઈ હાલ મોટી ભગેડી ગામમાં જમનભાઈ કોટડીયા પટેલની વાડીમાં રહેતા હતા.પોલીસે તેમની પાસેથી મારૂતિ કંપનીની ઈકો કાર (રજી. નં. જી.જે.૧૦ ડી.એ.૨૦૨૩) જેની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦ છે, તથા બે મોબાઇલ ફોન જેની કિંમત રૂ. ૧૦,૦૦૦ છે, મળી કુલ રૂ. ૧,૧૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધી, એ.એસ.આઈ. અરજણભાઈ કોડીયાતરે વધુ કાર્યવાહી માટે કાલાવડ રૂરલ પોલીસ સ્ટેશનને સુપરત કર્યા છે.

# મોરબીના આમરણ ગામે જૂની માથાકૂટનો ખાર રાખી પરિવાર ઉપર કુટુંબી ભાઈઓએ કર્યો હુમલો

## લાકડાના ધોકાથી માથામાં ઘા વાગતા યુવાનને પાંચ ટાંકા આવ્યા, માતા-પિતાને પણ ઈજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના આમરણ બેલા ગામે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી કુટુંબીજનોએ પરિવાર ઉપર હુમલો કર્યો હતો. ઘટનામાં યુવાનને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે તેના માતા-પિતાને પણ ઈજા પહોંચતા મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર શરૂ કરી હતી. હાલ તાલુકા પોલીસે ચાર જેટલા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

મોરબી તાલુકાના આમરણ બેલા ગામે રહેતા સલીમભાઈ અકબરભાઈ જામ ઉવ.૨૬ એ આરોપી ઈશાકભાઈ સીદીકભાઈ જામ, આસીનભાઈ ઈશાકભાઈ જામ, સીદીકભાઈ ઈશાકભાઈ જામ તથા તાજમહમંદ ઈશાકભાઈ જામ બધા રહે. આમરણ બેલા ગામ વાળા વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી સલીમભાઈના મામાની દીકરી ફરીદાબાઈ અને આરોપી સીદીકભાઈ બંને પતિ-પત્ની હોય ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હોય જે બાબતે ફરિયાદી સલીમભાઈ ઉપરાણું લઈને ગયા હોય જ્યારે તે બાબતનો ખાર રાખી ગત તા.૧૮/૦૧/૨૦૨૬ના રાત્રે ઉપરોક્ત ચારેય આરોપીઓ ફરિયાદી સલીમભાઈના ઘર બહાર આવી ગાળાગાળી કરવા લાગ્યા હતા. સલીમભાઈ બહાર આવતા જ આરોપીઓએ હુમલો કર્યો હતો. આરોપી ઈશાકભાઈએ લાકડાના ધોકાથી સલીમભાઈના માથામાં ઘા મારતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. આ દરમિયાન આરોપી સીદીકભાઈએ લાકડાના ધોકાથી સલીમભાઈના પિતા અકબરભાઈના હાથના કાંડા અને બાવડામાં ઘા મારી મુંઢ ઈજા કરી હતી. ત્યારબાદ આરોપી આસીનભાઈ, સીદીકભાઈ અને તાજમહમંદભાઈએ વારા ફરતી સલીમભાઈ, તેમના પિતા અકબરભાઈ અને માતા અમીનાબાઈને ઢીંકા-પાટુનો માર મારી ગાળાગાળી કરી હતી. બૂમાબૂમ થતા આજુબાજુના લોકો ભેગા થતાં આરોપીઓ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સલીમભાઈના માથામાં પાંચ ટાંકા લેવામાં આવ્યા હોવાનું ડોક્ટરે જણાવ્યું છે, જ્યારે તેમના માતા-પિતાને સારવાર આપી રજા આપવામાં આવી હતી. હાલ તાલુકા પોલીસે સિગારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેર પોલીસમાં ૨૮ એએસઆઇ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલની આંતરિક બદલી

## ક્રાઈમ બ્રાન્ચ-સાયબર ક્રાઈમમાંથી પાંચ-પાંચ, એસઓજી-ઈઓડબલ્યુમાંથી બે-બે ઉપરાંત અલગ-અલગ પોલીસ મથકના સ્ટાફમાં ફેરફાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અલગ-અલગ પોલીસ મથક તેમજ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, સાયબર ક્રાઈમ, આર્થિક ગુના નિવારણ શાખા ઓલલામાં એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલની આંતરિક બદલીનો હુકમ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા કરવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ અનુજ ડાંગરને પ્ર.નગર પોલીસ મથક, એએસઆઈ વિજય સોઢાને થોરાળા, ચેતનસિંહ ગોહિલને ગાંધીગ્રામ, કોન્સ્ટેબલ પ્રશાંત ચુડાસમાને માલવિયાનગર અને એએસઆઈ ક્રિપાલસિંહ ઝાલાને આજીડેમ પોલીસ મથકમાં મુકવામાં આવ્યા હતા. જ્યારે થોરાળા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહ છોટુભા ઝાલા, એલસીબી ઝોન-રના રાહુલ ગોહેલ, બી-ડિવિઝનના એએસઆઈ ભાવેશકુમાર પરમારની ક્રાઈમ બ્રાન્ચમાં બદલી કરાઈ હતી.

સાયબર ક્રાઈમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ જાડેજાને માલવિયાનગર, વિજયસિંહ જાડેજાને હેડ ક્વાર્ટર, લક્કીરાજસિંહ ગોહિલને હેડ ક્વાર્ટર, હરપાલસિંહ ગોહિલને ગાંધીગ્રામ અને લાભુબેન મોઢવાડિયાને હેડ ક્વાર્ટરમાં મુકવામાં આવ્યા હતા. એસઓજીના ફિરોઝ શેખને યુનિવર્સિટી અને અમિતકુમાર ટુંડિયાને ગાંધીગ્રામ પોલીસ મથકમાં મુકાયા હતા. જ્યારે ઈઓડબલ્યુના મનસુરશા બાબુશા શાહમદારને માલવિયાનગર, યુવરાજસિંહ ચનુભા જાડેજાને કૂવાડવા રોડ પોલીસ મથકમાં મુકવામાં આવ્યા હતા. થોરાળા પોલીસ મથકના એએસઆઈ વિનોદ બેરડિયાને યુનિવર્સિટી પોલીસ મથક, ટ્રાફિક બ્રાન્ચના એએસઆઈ લાલજીભાઈ ડાંગરને બી-ડિવિઝન, થોરાળા પોલીસ મથકના કોન્સ્ટેબલ દિનેશ વાળાને ગાંધીગ્રામ, પેરોલ ફર્લો સ્કવોડના શાંતુબેન મુળિયાને મહિલા પોલીસ મથક, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના હેડ કોન્સ્ટેબલ મહમ્મદઆરીફ અન્સારીને હેડ ક્વાર્ટરમાં બદલીનો હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે માલવિયાનગરના એએસઆઈ હિરેન પરમારને આર્થિક ગુના નિવારણ શાખા, કૂવાડવા રોડ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સમીર હેરંજાને આર્થિક ગુના નિવારણ શાખા, યુનિવર્સિટી પોલીસ મથકના કોન્સ્ટેબલ રોહિતસિંહ કનકસિંહ જાડેજાને એસઓજી, સાયબર લેબના ધીરેન મકવાણાને સાયબર ક્રાઈમ પોલીસ મથક, પ્ર.નગરના એએસઆઈ કૃપાલસિંહ ઝાલાને સાયબર ક્રાઈમ પોલીસ મથક અને ગાંધીગ્રામ પોલીસ મથકના નગ્મા સુમરાને હેડ ક્વાર્ટર એટેસ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં મુકવાનો હુકમ કરાયો હતો.

# પત્નીએ છૂટાછેડા માટે રૂપિયાની માંગણી કરતા પતિએ એસિડ ગટગટાવ્યુ

## આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવારમાં ખસેડાયો


**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંજકામાં આવેલ પરિશ્રમ હાઉસિંગ બોર્ડમાં રહેતા યુવાને પત્ની છુટાછેડા માટે રૂપિયાની માંગણી કરતી હોવાના આક્ષેપ સાથે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જાણવા મળતી વિગત મુજબ મુંજકામાં - આવેલ પરિશ્રમ હાઉસિંગ બોર્ડમાં રહેતા - કેશુ બાબુભાઈ મહાલીયા નામનો ૩૫, વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે - બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું. યુવકને ઝેરી અસર - થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ - હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો, હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.



પ્રાથમિક પૂછપરછમાં કેશુ મહાલીયા તેના માતા પિતાને એકનો એક પુત્ર છે અને દિવ્યાબેન સાથે તેના ત્રીજા લગ્ન થયા છે છેલ્લા એક વર્ષથી દંપતિ વચ્ચે મનમેળ નહીં થતા દિવ્યાબેન માવતરે રિસામણે બેઠી છે અને પત્ની દિવ્યાબેન છૂટાછેડા માટે રૂપિયાની માંગણી કરતી હોવાના આક્ષેપ -સાથે યુવાને એસિડ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સીટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# છેતરપીંડીના ગુન્હામાં ત્રણ મહિનાથી નાસતો-ફરતો આરોપી ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં નાસતા-ફરતા આરોપીઓને શોધવા અંગેની સુચના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવતા ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા, હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, અંકિતભાઇ, અનિલભાઇ, અમીનભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેતરપીંડી કરી છેલ્લા ત્રણ મહિનાથી નાસતો-ફરતો આરોપી સાહિલ ઉર્ફે દેવિલ હમીર નારેજા (રહે. કોઠારીયા સોલવંટ, રસુલપરા શેરી નં.૧૦) નામનો શખ્સ પોતાના ઘર પાસે હોવાની હકિકતના આધારે ટીમ ઉપરોક્ત સ્થળે દોડી જઇ તેની ધરપકડ કરી ગાંધીગ્રામ પોલીસના હવાલે કર્યો હતો.

# વાંકાનેરના માટેલ નજીક રિવર્સમાં આવતા મોટર ગ્રેડરની અડફેટે વૃદ્ધનું મોત

વાંકાનેર તાલુકાના માટેલ નજીક રોડ પર રિવર્સમાં આવતા મોટર ગ્રેડર મશીનની અડફેટે રાહદારી વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માતના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે ગ્રેડર મશીનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના માટેલથી જામસર જતા માર્ગ પર વોકળાના પુલ પાસે ગત તા.૧૮/૦૧/૨૦૨૬ના સાંજના અરસામાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર ગ્રેડર મશીન રજી. નં. જીજે-૧૮-એસએસ-૦૪૯૯ના ચાલકે આગળ પાછળ જોયા વિના અને બેદરકારીપૂર્વક સ્પીડમાં રિવર્સ લેતા પાછળ પગપાળા જઈ રહેલા વૃદ્ધને અડફેટે લેતા તેઓ જમીન પર પટકાયા હતા. અકસ્માતમાં વૃદ્ધના માથા તથા શરીરે ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ત્યારે અકસ્માત મામલે મૃતકના પુત્ર રમેશભાઇ રાજાભાઇ નંદાશીયા રહે.વરડુસર તા.વાંકાનેર વાળાની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી ગ્રેડર મશીનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિરપુરમાં લોખંડના બેરલમાં છુપાવેલો રૂ.૯ લાખનો વિદેશી દારૂ પકડાયો: બુટલેગર ફરાર

**સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબીની ટીમે પાડયો દરોડો: નાની-મોટી વિદેશી દારૂની ૩૮૦૪ બોટલ સહિતનો મુદ્દામાલ કબ્જે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી મા બ કાગળ પર જ રહી હોય તેમ બુટલેગરો નીતનવા નુસ્ખા અપનાવી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવાનું કામ કરી રહ્યા હોય તેમ ગુજરાત બહારના રાજયમાંથી લોખંડના બેરલમાં વિદેશી દારૂ ભરીને મોકલાવવામાં આવ્યા બાદ રાજકોટ રૂરલ એલસીબીની ટીમને મળેલ બાતમીના આધારે વિરપુરના રહેણાંક મકાનમાં દરોડો પાડી લોખંડના બેરલમાં આવેલ ૩૮૦૪ બોટલ કિંમત રૂ.૯ લાખનો દારૂનો જથ્થો ઝડપી લઇ બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.



આ અંગેની માહિતી મુજબ વિરપુરમાં રહેતા અતુલ મનજી સખીયા નામના બુટલેગરે વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં મંગાવ્યો હોવાની હકિકત મળતા સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આર.વી.ભીમાણી તથા એચ.સી.ગોહિલ, એએસઆઇ બાલકૃષ્ણભાઇ, ઇન્દ્રસિંહ, જયવીરસિંહ તથા અનીલભાઇ તથા મનોજભાઇ સહિતનો સ્ટાફ ઉપરોકત સ્થળે વિરપુર ખાતે આવેલ અતુલ મનજી સખીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ૧૪ જેટલા લોખંડના બેરલ મળી આવતા પોલીસે કટર મશીનથી કટીંગ કરતા તેમાંથી ૩૮૦૪ બોટલ કિંમત રૂ.૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અલગ-અલગ બ્રાન્ડની દારૂની નાની-મોટી બોટલો, લોખંડના બેરલ, કટર મશીન, ઇલેકટ્રીક બોર્ડ સહિતનો કુલ રૂ.૯૦૬૦૧૬નો મુદ્દામાલ કબ્જે કરી હાજર નહીં મળેલ બુટલેગર અતુલ સખીયાની શોધખોળ આદરી છે.

# રાજકોટમાં લકઝરી કાર સેલ્ફ ડ્રાઇવમાં લઇ જઇ બારોબાર વેચવાનું કારસ્તાન પકડાયું

**ક્રાઇમ બ્રાન્ચની ટીમે અમદાવાદથી બે શખ્સોને દબોચી લઇ બે મહિન્દ્રા થાર ગાડી કબ્જે કરી: રાજકોટમાં ત્રણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીંડીના ગુન્હાના ભેદ ઉકેલાયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં છેલ્લા ઘણા સમયથી ભેજાબાજ ઠગ શખ્સો સેલ્ફ ડ્રાઇવમાં લકઝરી કાર ભાડે લઇ ગયા બાદ પરત નહીં કરી અન્ય શહેરમાં બારોબાર વેચી દેવાનું કારસ્તાન ચાલતું હોય અગાઉ રાજકોટ શહેરના અલગ-અલગ ત્રણ પોલીસ મથકોમાં સેલ્ફ ડ્રાઇવમાં કાર ભાડે લઇ ગયા બાદ પરત નહીં કરી છેતરપીંડી કરી હોવાની ફરીયાદ નોંધાયા બાદ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમે અમદાવાદથી બે શખ્સોને દબોચી લઇ આ લકઝરી કાર બારોબાર વેચી દેવાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.વી.ચુડાસમા, એએસઆઇ વિજયભાઇ, હેડ કોન્સ. કિશનભાઇ, કરણભાઇ, કોન્સ. સંજયભાઇ અલગોતર સહિતના સ્ટાફને સૂચના આપવામાં આવી હતી કે, શહેરમાં અલગ-અલગ જગ્યાએથી સેલ્ફ ડ્રાઇવમાં કાર ભાડે લઇ ગયા બાદ પરત નહીં આપી છેતરપીંડી કરતા હોવાની ફરીયાદોમાં આરોપીઓને શોધવાની સૂચનાના પગલે ટીમે તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન શહેરના અલગ-અલગ ત્રણ પોલીસ મથકોમાં દપર્ણ મનસુખલાલ મણવર (રહે.ગોળ હાઇટ્સ, જીવરાજપાર્ક, મવડિ પોલીસ હેડ કવાર્ટર સામે) અને આમીર અસલમ વોરા (રહે.સોજીત્રા, શ્રીમાળી પોળ સોસાયટી, આણંદ) ફરીયાદ નોંધાવી હોય કે લકઝરી કાર સેલ્ફ ડ્રાઇવમાં ભાડે લઇ ગયા બાદ ભાડુ કે કાર પરત નહીં આપી બારોબાર વહેંચી દઇ ઠગાઇ કરી હોવાની ફરીયાદ નોંધાઇ હોય જે આરોપીનું લોકેશન અમદાવાદ હોવાની હકિકતના આધારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે અમદાવાદમાંથી દર્પણ મણવર અને આમીર વોરાની ધરપકડ કરી રૂ.૨૦ લાખની કિંમતની બે સફેદ કલરની મહિન્દ્રા થાર ગાડીઓ કબ્જે કરી ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ટેલીફોન એક્સચેન્જ પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે આંબેડકરનગરનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વિદેશી દારૂનું પુરજોશમાં વેચાણ થતું હોવાનું ફરીયાદોના પગલે ગુન્હા નિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા અને એમ.જે.હુણની સુચનાથી ટીમે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ટેલીફોન એકસચેન્જ પાસે વિદેશી દારૂ કારમાં લઇ ડિલવરી આપવા નિકળેલા આંબેડકરનગરના શખ્સને દબોચી લઇ રૂ.૩.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



આ અંગેની માહિતી મુજબ પીસીબીના એએસઆઇ મયુરભાઇ પટેલ, હેડ કોન્સ.વિજયભાઇ મેતા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર હતા ત્યારે ટીમને બાતમી મળી હતી કે, આસ્થા ચોકડી પાસે આંબેડકરનગર શેરી નં.૩માં રહેતો પ્રકાશ સુરેશ રાઠોડ નામનો શખ્સ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ડિલવરી આપવા નિકળ્યો હોવાની હકિકતના આધારે પોલીસે ટેલીફોન એકસચેન્જ સર્કલ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ફોર્ડ ફિગો કાર નં.જીજે૧૦સીજી૯૯૪૫ લઇને પ્રકાશ રાઠોડ નામનો શખ્સ નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા વિદેશી દારૂના ૩૩૬ ચપલા મળી આવતા પોલીસે રૂ.૩.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી પ્રકાશ રાઠોડની ધરપકડ વધુ તપાસ હાથ ધરી છે.

# આહીર ભુવન પાસે કુખ્યાત શખ્સ ગાંજાના જથ્થા સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં Sayno to Drugs અંતર્ગત કાર્યવાહી કરવા સુચના અન્વયે એસઓજીએ આહીર ભુવન સામેથી કુખ્યાત શખસને ગાંજાના જથ્થા સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધી કાર્યવાહી કરી છે.



આ અંગેની માહિતી મુજબ એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ જમાદાર હાર્દિકસિંહ જગતસિંહ પરમાર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે શક્તિસોસાયટી શેરી નં.૧૦ના ખુણા પાસે આહીર ભુવન સામે એક શખસ ગાંજાના જથ્થા સાથે હોવાની બાતમીના આધારે ટીમે દરોડો પાડી ઉભેલા શખસને પોતાનું નામ ઠામ પુછતા નવાગામ આણંદપર છપાનીયા પરામાં આવેલી શકિત સોસાયટી શેરી નં.૧૦માં રહેતો અને અગાઉ એ ડીવીઝન, કુવાડવા રોડ પોલીસ, પ્રનગર મોરબી ટંકારા પોલીસ સ્ટેશન સહિતના પોલીસ મથકના ચોપડે ચડી ચુકેલો રૂષભ ઉર્ફે રાહુલ મુકેશભાઈ અમદાવાદી જણાવેલ જેથી તેની પાસે રહેલ થેલીની જડતી લેતા તેમાંથી ૧.૪૪૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો મળી આવતા એસઓજીએ ગાંજાનો જથ્થો, સેમસંગનો મોબાઈલ રોકડ રૂપીયા સહિત કુલ રૂપીયા ૮૨૮૫૦નો મુદામાલ કબજે કરી શખસની ધરપકડ કરી હતી. પ્રાથમીક તપાસમાં ગાંજાનો જથ્થો ચોટીલાથી રાજકોટ લાવી અહી છુટક પડીકી બનાવી વેચાણ કરવાનો હોવાનુ જણાવતા પોલીસે ગાંજો આપનાર શખસનું નામ જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મેટોડામાં લાપતા થયેલા બિહારી યુવાનનો ૬ દિવસ બાદ કૂવામાંથી મૃતદેહ મળ્યો

**રૂમ ઉપર બોલાચાલી થયા બાદ નીકળી ગયો હતો: આપઘાતની આશંકા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા મેટોડા જીઆઈડીસીમાં રહેતો બિહારી યુવાન છ દિવસ પહેલા પોતાની રૂમેથી બોલાચાલી કરી ઘરેથી નીકળી ગયો હતો. જેની બપોરે મેટોડા જીઆઈડીસીમાં આવેલા કૂવામાંથી લાશ મળી આવી હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકે આપઘાત કરી લીધાની શંકા સેવાઈ રહી છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩માં આવેલી જે-માર્ટ કંપનીમાં રહેતો મહમદ ઈમરાન મોહમ્મદ મોઈન (ઉ.૨૦) નામનો બિહારી યુવાન છ દિવસ પહેલા પોતાના ઘરેથી નીકળી ગયો હતો. બાદમાં બપોરે મેટોડા જીઆઈડીસીમાં આવેલા સિલ્વર કારખાનાની પાછળ વાળીમાં આવેલા કૂવામાંથી તેની લાશ મળી આવી હતી. બનાવની જાણ થતાં મેટોડા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી કરી પી.એમ.અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક મોહમ્મદ મુળ બિહારનો વતની છે અને આઠ મહિનાથી મેટોડામાં રહી કામ કરતો હતો તે છ ભાઈ એક બહેનમાં વચેટ હોવાનું જાણવા મળ્યું છે. મોહમ્મદ કારખાનીની રૂમમાં અન્ય મજુરો સાથે રહેતો હતો છ દિવસ પહેલા રૂમમાં સાથે રહેતાં યુવાનો સાથે બોલાચાલી થતાં તે ઘરેથી નીકળી ગયો હતો. જે અંગે ચાર દિવસ પહેલા મેટોડા પોલીસમાં ગુમસુદાની અરજી નોંધાઈ હતી. મૃતકે ઘરેથી નીકળી આપઘાત કરી લીધાની શંકા સેવાઈ રહી છે. આ અંગે મેટોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભારતનગરમાં બેભાન થઈ જતાં યુવાનનું મોત આજી ડેમ ચોકડી નજીક આવેલા ભારતનગરમાં રહેતો અર્જુનરામ નરેશભ્રમ નિશાંત (ઉ.૨૨) નામનો યુવાન આજે વહેલી સવારે કારખાનાની રૂમમાં હતો ત્યારે બેભાન થઈ જતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેનું મોત નિપજ્યું છે. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં વચેટ અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું તથા તેને દારૂ પીવાની ટેવ હોવાનું જાણવા મળ્યું છે.

# શાપર પાસેથી ત્યજી દેવાયેલું બે માસનું બાળક મળી આવતા ચકચાર

**બાળક રડતા હોવાનો અવાજ આવતા તાપણું કરી રહેલા બે વ્યકિતએ પોલીસ સ્ટેશને જઈ જાણ કરી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પાટીયાના પુલ પાસેથી બે માસનું ત્યજેલું બાળક મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. નાનુ બાળક રડતું હોય તેવો અવાજ આવતા ત્યાં તાપણુ કરી રહેલા બે વ્યકિતઓએ પોલીસ સ્ટેશને જઈ જાણ કરી હતી. દોડી આવેલ પોલીસે જોતા પ્લાસ્ટિકની થેલીમાંથી બાળક મળી આવ્યું હતું જેને પ્રથમ શાપર બાદમાં રાજકોટની જનાના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું. બનાવ અંગે શાપર પોલીસે બાળકને ત્યજી દેનાર તેના માતા-પિતા સામે ગુનો નોંધાવામાં આવ્યો છે.



આ બનાવ અંગે શાપર પોલીસ મથકમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવનાર રવિરાજસિંહ જાડેજાની ફરિયાદના આધારે બાળકને ત્યજી દેનાર માતા-પિતા સામે ગુનો નોંધાયો છે. ફરિયાદી રવિરાજસિંહે જણાવ્યું હતું કે, તે ઈન્વે ફરજમાં પોલીસ સ્ટેશને હાજર હતા દરમિયાન રાત્રીના ૧/૧૫ કલાકે બે માણસો પોલીસ સ્ટેશન આવ્યા હતા જેના નામ સંજયભાઈ ભીખુભાઈ દાફડા(રહે.હડમતાળા), અને દિપકભાઈ અમ્રુતભાઈ પરમાર(રહે. કોઠારીયા સોલ્વટ ત્રણ માળીયા) હોવાનું કહ્યું હતું.

આ બંને વ્યકિતઓએ વાત કરી હતી કે, અને બંને એ જણાવેલ હોય કે અમો રાત્રીના શાપર પાટીયા પાસે તાપણ કરતા હોય એવામા શાપર પાટીયા પુલ નીચે કોઈ નાનુ બાળક રડતુ હોય નુ અવાજ આવે છે .

તેવી વાત કરતા ફરિયાદી તથા સાથેના કોન્સ. સંદિપભાઈ સોલંકી શાપર પાટીયા પુલ નીચે જતા શાપર પાટીયા પુલના પહેલા પીલોર પાસે નીચે એક લાલ કલરની પ્લાસ્ટિકની થેલી જોવા મળી હતી અને તેમા જોતા એક નવજાત નાનુ બાળક રડતુ હોય અને તેને ગુલાબી કલરનુ સ્વેટર તથા કાળા કલરની લેંગીસ પહેરેલ તેમજ દુધની બોટલ પડેલ હોય જેથી આજુબાજુમાં આ બાળકના વાલી વારસની તપાસ કરેલ પરતું બાળકના કોઈ વાલીવારસ મળી આવ્યા ન હતી. જેથી બાળકને શાપર સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ત્યા ફરજ પરના તબીબે બાળક આશરે દોઢથી બે મહિનાનુ જીવિત હોવાનુ અને બાબો (પુરૂષ) હોવાનું જણાવેલ અને ડોક્ટરે બાળકને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે રીફર કરેલ જેથી બાળકને રાજકોટ જનાના હોસ્પીટલ ખાતે સારવારમા લઈ જવામાં આવ્યું હતું.

પોલીસે બાળકના માતા-પિતા બાબતે તપાસ કરતા હજુ સુધી વાલીવારસ મળી આવ્યા ન હોય અને આ નવજાત બાળક આશરે દોઢથી બે મહિનાનુ હોય અને આ બાળકના માતા, પિતાએ બાળકને સંપુર્ણ ત્યજી દેવાના ઈરાદાથી શાપર પાટીયા પુલ નીચે એક પ્લાસ્ટીકની થેલીમાં રાત્રીના અસુરક્ષીત ત્યજી દિધેલ હોય જેથી આ બાળકના અજાણ્યા માતા-પિતા સામે ફરિયાદ નોંધવવામાં આવી છે.

# ચુનારાવાડના કુખ્યાત શખ્સ પર ચોરીનું આળ મૂકી અજાણ્યા શખ્સોએ ધોકા-પાઈપ વડે કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામા કાંઠે ચુનારાવાડ વિસ્તારમાં રહેતો કુખ્યાત શખ્સ રામનાથપરા વિસ્તારમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ તું શું ચોરી કરવા આવ્યો છે તેમ કહી ધોકા પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ ની જાણવા મળતી વિગત મુજબ શહેરમાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતો લખન બચુભાઈ માલાણી નામનો 30 વર્ષનો યુવાન રામનાથપરા વિસ્તારમાં હતો, ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ધોકા પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ'' તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં હુમલામાં ઘવાયેલો યુવાન ૨૦ થી ૨૫ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે અને અગાઉ બે વખત પાસામાં ધકેલાયો હતો મધરાત્રે રામનાથપરા વિસ્તારમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ તું શું ચોરી કરવા આવ્યો છે તેમ કહી ધોકા પાઈપ વડે માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે એ ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

# પુનીતનગરમાં દાદાના ઘરે રવિવારની રજા માણવા ગયેલા માસૂમ બાળકનું નવમા માળેથી પટકાતા મોત

**ગ્રીલ પર લપસીયા ખાતી વખતે સંતુલન ગૂમાવતા ૧૦ વર્ષનો બાળક નીચે ખાબકયો, એકના એક પુત્રના મોતથી પરિવારમાં ઘેરો શોક**

**મુખ્ય સમાચાર રાજકોટ**

રમત-રમતમાં બાળકો ક્યારેક ગંભીર દુર્ઘટનાનો શિકાર બની જતા હોય છે. આવો જ એક કિસ્સો પુનીતનગરમાં સામે આવ્યો છે. દાદાના ઘરે રવિવારની રજા માણવા ગયેલા ૧૦ વર્ષના બાળકનું નવમા માળે ગેલેરીની ગ્રીલ પર લપસીયા ખાતી વખતે સંતુલન બગડતા નીચે પટકાયો હતો. ગંભીર ઈજા પહોંચતા તેનું ખાનગી હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. એકના એક પુત્રના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ અંગેની વિગતો મુજબ, કોઠારીયા રોડ પર આવેલી આસોપાલવ સોસાયટી શેરી નં. ૨માં રહેતા કારખાનેદાર કલ્પેશભાઈ ભેસાણીયાનો ૧૦ વર્ષનો પુત્ર કિશવ રવિવ-ારની રજા હોવાથી પુનીતનગરમાં આવેલા 'વૃંદાવન સીટી એપાર્ટમેન્ટ'ના એ-વિગમાં રહેતા તેના દાદાના ઘરે ગયો હતો. સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં નવમા માળે ફ્લેટ નંબર ૯૦૨માં કિશવ લોખંડની ગ્રીલ પર લપસણી ખાતો હતો. રમતી વખતે અચાનક સંતુલન ગુમાવતા તે નવમા માળેથી સીધો નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી નીચે પડવાને કારણે કિશવને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયો હતો. પરિવારજનો તાત્કાલિક કિશવને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે ઈજાઓ એટલી ગંભીર હતી. કે ટૂંકી સારવાર બાદ હોસ્પિટલના બિછાને જ તેણે અંતિમ શ્વાસ લીધા હતા. મૃતક કિશવ ધોરણ-૪માં અભ્યાસ કરતો હતો અને કલ્પેશભાઈનો એકનો એક પુત્ર હતો. એકના એક લાડકવાયા પુત્રના આકસ્મિક અને કરુણ મોતથી ભેસાણીયા પરિવાર પર દુખનું આભ તૂટી પડ્યું છે.

# ફરી એકવાર સરકારી યોજનાની ચર્ચામાં મનપાનુ જનરલ બોર્ડ સમાપ્ત !

**સંભવત અંતિમ બોર્ડમાં શાસકોએ શહેરના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે અમૃત યોજના હેઠળ થયેલા કામોની ચર્ચામાં સમય વેડફયો: પાંચ વર્ષમાં ભાજપના શાસનમાં થયેલા કામો બદલ શાસકોએ પોતાની જ પીઠ થાબડી વાહ... વાહ... મેળવી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાનું સંભવત અંતિમ જનરલ બોર્ડ મળ્યું હતું. જે ફરીએકવાર ફારસ બન્યું હતું. શહેરના અનેક મહત્વના અને પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે શાસકો દ્વારા અમૃત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં થયેલા કામોની ચર્ચાનો પ્રશ્ન જનરલ બોર્ડમાં છેડી તેમાં સમય વેડફયો હતો.





તસવીર : ગૌરવ લશ્કરી

સામાન્ય સભાની શરૂઆતમાં પૂર્વ કોર્પોરેટરનું અવસાન થતા બે મીનીટનું મૌન પાડવામાં આવ્યું હતું. સાથેસાથે તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાતની સફળતા બદલ વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલને અભિનંદન આપતો ઠરાવ રજૂ કર્યો હતો. બાદમાં ભાજપના કોર્પોરેટર દક્ષાબેન વસાણીએ ૨૦૨૪-૨૫ તેમજ ૨૦૨૫-૨૬માં અમૃત યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મળી છે તેમજ હવે કેટલી મળવા પાત્ર છે અને કેટલી ઉપયોગમાં લેવાઇ છે તે વિશે પ્રશ્ન પુછતા મ્યુ. કમિશનર દ્વારા વિશ્રૃત છણાવટ કરવામાં આવી હતી. કમિશનરે જણાવ્યું હતું કે, ૪૨૭.૨૮ કરોડના ખર્ચ હેઠળ ૬૧ કામો કરવામાં આવ્યા છે. જેમાં ૩૧૮ કરોડની ગ્રાન્ટ સરકાર તરફથી મળી હતી. બીજી તરફ અમૃત ૨.૦ યોજનામાં ૧૪૭૦ કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા હતા.

બોર્ડના અંતિમ સમયમાં સ્ટે. ચેરમેન જયમીન ઠાકરે પાંચ વર્ષમાં ભાજપના શાસનમાં કરેલા કામોની યાદી મુકી જણાવ્યું હતું કે, શાસકોએ પાંચ વર્ષમાં કુલ ૫૦૦૦ કરોડના વિકાસ કામો કર્યા છે. આમ તેઓએ પોતાની જ પીઠ થાબડી હતી. વધુમાં તેઓએ વિપક્ષનો પણ આભાર માન્યો હતો. જણાવ્યું હતું કે, વિપક્ષના સભ્યોએ પણ શહેરના વિકાસમાં તેઓને સહકાર આપ્યો છે. આ સાથે મેયર નયનાબેન પેઢડીયાએ પણ રાજકોટવાસીઓ તેમજ મનપાના અધિકારીઓએ ખંભેખંભા મીલાવી શહેરના વિકાસમાં યોગદાન આપ્યું છે તે બદલ આભાર વ્યકત કર્યો હતો. આજના જનરલ બોર્ડમાં નગરસેવકો તેમજ મનપાની તમામ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે મનપાની ચૂંટણી યોજાવાની છે. તે પહેલાનું આ સંભવત અંતિમ બોર્ડ હતું.

## મનપાના જનરલ બોર્ડમાં વિપક્ષનો હલ્લાબોલ

**ટીપી શાખાની કામગીરી અને ફ્લાવર બેડના મુદ્દે વિપક્ષનું ઉગ્ર વિરોધ પ્રદર્શન**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં આજે વિરોધ પક્ષ દ્વારા વિવિધ જનહિતના મુદ્દાઓને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિપક્ષી સભ્યોએ હાથમાં બેનરો સાથે બોર્ડની કાર્યવાહી દરમિયાન સૂત્રોચ્ચાર કરીને સત્તાધારી પક્ષને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. વિપક્ષ દ્વારા ખાસ કરીને મનપાની ટીપી શાખાની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરમાં ફ્લાવર બેડ સહિતના અન્ય પડતર પ્રશ્નો અને વહીવટી ક્ષતિઓ મુદ્દે પણ વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું હતું.

વિપક્ષના નેતાએ બોર્ડમાં ગંભીર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, બિલ્ડરો અને ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ તેમજ આગેવાનો વચ્ચે અંદરખાને ખાનગી બેઠકો યોજાઈ રહી છે. સત્તાધારી પક્ષના મેળાપીપણામાં કેટલાક ચોક્કસ હિતોને સાધવા માટેના પ્રયાસો થઈ રહ્યા હોવાનું વિપક્ષે દાવો કર્યો હતો. વિપક્ષના નેતાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, શહેરમાં ટીપીના નિયમો કે અન્ય ફેરફારોને કારણે સામાન્ય મધ્યમવર્ગીય ફ્લેટ ધારકોને આર્થિક કે અન્ય કોઈ નુકસાન ન થાય તે જોવાની જવાબદારી તંત્રની છે. બિલ્ડરો અને સત્તાધારી પક્ષના હિતોને બદલે સામાન્ય જનતાના હિતોને પ્રાધાન્ય આપવામાં આવે. ફ્લેટ ધારકોના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવી તેમને સુરક્ષિત કરવામાં આવે તેવું રટણ વિપક્ષી નેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર જનરલ બોર્ડમાં વિપક્ષના વિરોધને પગલે ગરમાવો જોવા મળ્યો હતો અને શાસક પક્ષના ખુલાસાઓ સામે વિપક્ષે અસંતોષ વ્યક્ત કર્યો હતો.